૪૨૯૨
૯૨

સ્ત્રી ગીતાવલી.

(૧)

(સખી વિરહી જનની પીડ વિરહી જાણે છે એ રાહ)

આવો આવોને સખીઓ આજ રસતાળી પાડી,
કાંઇ ગજવો આપણી બ્હેન, આ ગુર્જર વાડી.
હરિણીશી ચંચળવાન, નાજુક ને નમણી,
ફુલની કળી સમ સુકુમાર સૂરતની રમણી.

છબી છટા ભરી, સોહાગ તપે મુખ, મુગ્ધઉરા,
શુભ વડોદરાની વેલ, સરિખી આ ચતુરા !
રૂડી ઠરેલ બુદ્ધિ વિશાલ સમજુને શાણી,
મુજ અમદાવાદની બ્હેન ! ઘરરખુ આ ગૃહિણી;

નિજ ઉરના વિવિધ વિલાસ રંગે રંગેલી,
મુંબઇની મોહનરૂપ સખિઓ અલબેલી !
અમૃત શા મીઠા બોલ, પણ જ્ઞાને અધુરી,
આ કોકિલ કંઠી નાર, હાલારની મધુરી !

છો સુન્દર રસિક ઉદાર, સહુ ભગીની આવો,
ગુર્જર જનનીની જેહ કુંવરીઓ કહાવો.
જ્યાં સિંહણ નિજસંતાન ધવરાવે જાળે,
જ્યાં સાગર ઉછળે નીર મોતીની પાળે.

જહાં પ્રેમ ભક્તિનાં ગાન ભકતજને ગાયાં,
જ્યાં સ્થળસ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા;
એ અદ્દભુત દેશની બાળ, સ્મરીને વીર સતી,
સૌરાષ્ટ્ર તણી સન્નાર ! પધારો ભાવવતી.

તેજસ્વી મદડોલંત જલની લક્ષ્મી જશી,
આવોને કચ્છની કોડ ભરેલી યુવતિ ! હશી.
આવો આવોને સહિયર ! આજ રસટહુકે ગુંજો,
કાંઇ ગજવો ગમતે ગીત નિજ ગુર્જરી કુંજો.

આ તમ કાજે ભરી છાબ ગીતનાં ફુલડાંની,
લ્યો સત્કારો, રસબાળ ! એટલી મહેમાની.
છે મુજ કુળની એ રીત તાતે શિખવી ભલી,
લ્યો, ચરણુ ધરૂં છું બ્હેન ! વીરની વીરપસલી.

(ન્હાનાલાલ કવિકૃત ન્હાના ન્હાના રાસ.)

---

(૨)

રંગીલી રૂડી પૂનેમ રાતે રીઝાએ.

હાંરે બેની આવો તો ગીતડાં ગાઇએ. રંગીલી૦
" જુવો ચંદ્ર પ્રકાશ બહુ તેજમાં,
" રાખો નિદ્રાએ ધ્યાન નવ સેજમાં,
" વહી જાશે જો વેળ પસતાઇયે. રંગીલી.૦ ૧

" ઘર બાર સંસાર વેઠ નીતની,
" અવકાશે રમત રૂડી રીતની,
" શીદ નીતિ ગાવાને શરમાઇએ. રંગીલી૦ ૨

" રચ્યાં ત્રણે ભૂવન જેણે જોમથી,
" દીપ્ત કીધું આકાશ રવિ સોમથી,
" તેના ગુણો ગાવાજ નિત ધાઇએ. રંગીલી૦ ૩

" સખી ભુલીયે પ્રભુ ન જોઈ સુખને,
" સર્વ થોડે ઘણે છે શરણુ દુઃખને,
" નહીં ભય જોઇને અકળાઇએ. રંગીલી૦ ૪

" હસી હસી લીઓ તાલ પ્રેમથી,
" હરી ભાવે ભજો ભલી નેમથી,
" કહે ફિરોઝ ગાઇ હરખાઇએ. રંગીલી૦ ૫

(સ્વ. કવિ ફિરોજશાહ બાટલીવાલા.)

(૩)

ઉઠો બેની સાહેલડીરે સહુ ગરબા ગાઇએ,
હાં હાં રે સહુ ગરબા ગાઇએ.
હરિ ચરિત અલબેલડી રે સખી પ્રેમે ગાઇયે. હાં૦
ખીલી શરદની રાતડી રે રંગભર ભીની છે. હાં૦
ગભીર ગગનની ભાતડી રે ભલી ભુરી ખીલી છે. હાં૦
ચંદ્ર નભે જોઈ છાતડી રે ઠરી રસે ફુલે છે. હાં૦
નીર પર્વતની વાતડી રે શી હરખ હસે છે. હાં૦
કુમુદાદિ ફુલ જાતડી રે ખીલી રત્ત રહે છે. હાં૦
નિર્મળ રંગની રેલડી રે પછી લહાણી લાઈએ. હાં૦

(સ્વ. કવિ નર્મદ.)

---

(૪)

(આવોને નંદલાલ રમવા—એ રાહ.)

પ્રભુ મહિમા ગુણ ગાઓરે સર્વ મંગળ થાશે,
ત્રિભુવન પાલન બ્રહ્મ સનાતન,
સચ્ચિદ્ઘનપદ ધ્યાઓ રે સર્વ મંગળ૦ ૧
પરાભક્તિના પુણ્ય તીર્થમાં,
નિર્મળ મન થકી નાણો રે, સર્વ મંગળ૦ ૨
પરમામૃત પદ પ્રાપ્ત થવાને,
પ્રભુ શરણાપન્ન થાઓ રે, સર્વ મંગળ૦ ૩
કુત્સિત કર્મનો ત્યાગ કરીને,
મંગલ માર્ગે જાઓ રે સર્વ મંગળ૦ ૪
પરમાત્મા પરબ્રહ્મ પદાબ્જે,
પ્રીતિ પુષ્પ વધાવો રે, સર્વ મંગળ૦ ૫

(સ્વ. ભોળાનાથ સારાભાઈ)

---

(૫)

(ઓધવજી સંદેશો કહેજો શામને એ રાહ.)

સાંભળજો વ્હાલાંઓ ! વચનો દીનનાં,
દીનપણું છે પરમ દયાનું પાત્ર જો !
મોટો એ અધિકાર તમારો માનવી,
અધિકારી છો જેનાં માનવ માત્ર જો, સાંભળજો ૧.

એક પિતા પરમેશ્વર જાણો આપણો,
નિકટ સગાંઓ સમજો ભાઇ બેહેન જો,
નીકો ન્હાની મ્હોટી જે જીવો તણી,
વહતું તેમાં એક અખંડિત વહેન જો, સાંભળજો ૨.

હસનારાંઓ સાથે હસવાનું ઘટે,
રડનારાંઓ સાથે રડવું તેમ જો !
એક બીજાનાં આંસુંડાંઓ લુંછતાં,
ઉંચાં ચ્હડશો સ્ત્રીપુરૂષો સૌ એમ જો ! સાંભળજો ૩.

ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં,
સઘળાએ સંતોનો એ ઉપદેશ જો,
દિવ્ય દયાસાગર ! યાચંતાં આપજો,
દીન જનોને અમને એનો લેશ જો ! સાંભળજો ૪.

(મણિશંકર રત્નજી ભટ્ટ.)

---

(૬)

(રઘુપતિરામ હૃદયમાં રહેજો રે—એ રાહ)

જુઓ ગુલજાર વસંત સાહેલીઓ,
આવી સુંદર રંગ રસીલી— જુઓ ગુલજાર૦

નવ પલ્લવ પુષ્પ કળીને જો,
દે છે શોભા સુરમ્ય મહીને જો,
રમે ચિત્ર દેખાવો જોઇને. જુઓ૦ ૧

ગીત ગાય કોયલ સુખ પામી જો,
કરે નૃત્ય મધુર વણખામી જો,
ક્રીડા કરવે કુદે મૃગ હરણી. જુઓ૦ ૨

તૃપ્તિ પામે ભ્રમર મધુ પાને જો,
આવે વિહુગ ગુંજારવા કાને જો,
રૂતુ બહાર ચાલો લુંટવાને. જુઓ૦ ૩

(શોકર બાપુજી)

---

(૭)

વીણો વીણોને પુલડાંનાં ફાલ, ફોરે એવાં હૈયાં સખી,
ગુંથો ગુંથોને ફૂલડાંની માળ, ગુંથો એવાં હૈયાં સખી.

સરખી સાહેલી કોઈ વીણવા ન આવે,
વીણું હું વનને એકલી રે.
વીણું અલબેલી કુલ કુલની વેલી ને,
વીણું ને થાઉં ઘેલી ઘેલી. હો વીણો એવાં પુલડાં સખી. ૧

આઘે આઘે છે મઢુલી જોગીની મ્હારા,
પાસે છે પુલડાંની વાડીરે.
સાધી શું જોગ સ્નેહ ગંગાને કાંઠડે,
વીણી શું પુલ દહાડી દહાડી. હો વીણો એવાં પુલડાં સખી. ૨

(કવિ ન્હાનાલાલ.)

---

(૮)

ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મ્હારી ચુંદડલી,
એવો નીતરે કૌમારનો નેહ, ”
આજે ઝમે ને ઝરે ચન્દ્રીની ચન્દ્રિકા,
ભીંજે રસિક કોઇ બાલારે.
ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી,
ભીંજે મારી હૈયાની માલા. હો ભીંજે મ્હારી ચું૦ ૧

વનમાં પપૈયો પેલો, પિયુ પિયુ, બોલે,
ટહુકે મયૂર કેરી વેણાં રે.
ટમ ટમ ટમ ટમ વાદળી વરસે, ને
ટમકે મ્હારા નાથનાં નેણાં. હો ભીંજે મ્હારી ચું૦ ૨

આનન્દ કન્દ ડોલે સુંદરીનાં વૃન્દ ને,
મીઠા મૃદંગ પડછન્દા રે.
મન્દ મન્દ મન્દ હેરે મીટડી મયંકની,
હેરો મ્હારા મધુરસ ચન્દા. હો ભીંજે મ્હારી ચું૦

(કવિ ન્હાનાલાલ.)

---

(૯)

મ્હારાં નયણાંની આળસ રે, ન નિરખ્યા હરિને જરી,
એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી. મ્હારાં૦ ૧
શોક મોહના અગ્નિ રે, તપે ત્હેમાં તપ્ત થયાં.
નથી દેવના દર્શન રે, કીધાં ત્હેમાં રકત રહ્યાં. મ્હારાં૦ ૨
પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા.
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઉભર્યા. મ્હારાં૦ ૩
નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઇ રહે.
નાથ વાયુની પેઠે રે, સદા મુજ ઉરમાં વહે. મ્હારાં૦ ૪
જરા ઉઘડે આંખડલી રે, તો સન્મુખ તેહ તદા.
બ્રહ્મ બ્રહ્માંડ અળગા રે, ઘડીયે ન થાય કદા. મ્હારાં૦ ૪
પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ ત્હેને ચેતનની ?
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ ત્હોયે કંઇ દિનની. મ્હારાં૦ ૫
સ્વામી સાગર સરીખા રે, નજરમાં ન માય કદી.
જીભ થાકીને વિરમે રે, 'વિરાટ' 'વિરાટ' વદી. મ્હારાં૦ ૭
પેલાં દિવ્ય લોચનિયાં રે, પ્રભુ ક્યારે ઉઘડશે ?
આવાં ઘોર અન્ધારાં રે, પ્રભુ ક્યારે ઉતરશે ? મ્હારાં૦ ૮

નાથ એટલી અરજી રે, ઉપાડો જડ પડદા,
નેનાં નિરખો ઊંડરૂં રે, હરિવર દરસે સદા મ્હારાં૦ ૯
આંખ આળસ છાંડોરે, ઠરો એક ઝાંખી કરી,
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નીરખો હરિ. મ્હારાં૦ ૧૦
(કવિ ન્હાનાલાલ)

---

(૧૦)

મા સુંદર ગિરીથી ઊતર્યા બીરદાળી મા;
મા નૌતમ બાળે વેશ, ઝાંઝર વાગેમા.
આ પ્રાતઃકાળે આભલાં, બીરદાળી મા,
તુજ ઘાટડીએ વીંટાય ઝાંઝર વાગે મા.
આ સૂરજ સનમુખ લટકતો, બીરદાળી મા,
મા સ્હામી આરસી સ્હાય, ઝાંઝર વાગે મા.
આ ચકવા ચકલી હુંસલા, બીરદાળી મા,
તુજ પગલે ભમતાં ગાય, ઝાંઝર વાગે મા.
આ સાયર પાસે નાચતી બીરદાળી મા,
મા નદીમાં આવી ન્હાય, ઝાંઝર વાગે મા.
અમ સમી ન્હાની બાળકી, બીરદાળી મા.
એને હૃદયે વસતી માત ઝાંઝર વાગે મા.
આ અખિલ વિશ્વમાં વ્યાપતી, બીરદાળી મા,
મુજ કાળજડામાં માય, ઝાંઝર વાગે મા.
(સરસ્વતી ચન્દ્ર. ભાગ ૪)

---

(૧૧)

* જગજનની અંબે માત, અમે સૌ તુજ ખોળે,
સૌ ભરપુર દીસો માત, તમો અમ બાળકને—જગ૦ (ટેક)

---

* આ ટેકની કડીઓ નવીન બનાવેલી છે, મુળમાં નથી. કેમકે આ ગરબીમાં વારંવાર બોલાતી ટેકની કડી હોવી જોઇએ તે ન હોવાથી, ગાવની સરલતાને માટે રચીને મુકી છે.

આ બપોરને બપોરીએ તમે દર્શન દોછો, માત રે,
ત્યાં સાયર ને નદી ઊછળે એમ જોબન ધરતાં માત
"જોબનરૂપ ધરો" જગ જનની૦ ૧
મા જોબનવંતાં કરે આરતી સુરજ ભભુકી તમ આજરે,
ઘંટાજેવી સરિતા વાગે, સાયર નોબત થાય–
ગાજે ઘોર ઘણો. જગ જનની૦ ૨
દશે દિશા માની જોગણીઓ લગાડી રહી છે લ્હાય રે,
હરિહર બ્રહ્મા નમી પડયા ને સ્તોત્ર શક્તિનાં ગાય !
માનાં બાળક સહુ. જગ જનની૦ ૩
સંસારને રૂંવે રૂંવે કંઇ ઊઠી રહી એ આગ રે,
રાંક દીકરીઓ માવડી ત્હારી, લાગે ન એને આંચ.
પાલવ તુજ સ્હાયો ! જગ જનની૦ ૪
હરિ હર બ્રહ્મા ને સઉ પુરૂષો તેને કરીયે શું'ય રે,
માવડી પાસે ગોઠડી કરતાં વળે દીકરીને હુંફ,
અમે મા તુજ ખોળે ! જગ જનની૦ ૫
તુજ ખોળે પડી રહીએ ત્યારે ભાગે ભવની ભાવટ રે,
જમ કીંકરની બ્હીક ન લાગે, તરી જઇએ ભવસાગર.
એમાં તું હોડી છો. જગ જનની૦ ૬
(સરસ્વતિ ચન્દ્ર. ભાગ ૪)

---

(૧૨)

આસો માસે શરદ પુનમની રાત જો,
ચાંદલીયો ઊગ્યો રે સખી મારા ચોકમાં. (ટેક)
સસરો મારો દેરાસરનો દેવ જો
સાસુડી દેરાસર કેરી પૂતળી. ૧
જેઠ મ્હારો અશાડીલો મેહુ જો,
જેઠાણી ઝબુકે વાદળ વાજળી. ૨
દિયર મ્હારો ચાંપલીયાનો છોડ જો,
દેરાણી ચાંપલીયા કેરી પાંખડી. ૩
(પ્રાચીન.)

(૧૩)

અમે સ્નેહને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ
અમે સ્વર્ગથી સંસાર તટે ઉતર્યાં રે લોલ
અમે શાંતિ ને આનંદ બધે રેલીએ રે લોલ
અમ હાસ્યમાં તો તેજનો અંબાર છે રે લોલ
અમે વાણીથી સ્વર્ગ સુધા રેડીએ રે લોલ
અમ નેણમાંથી પ્રેમની ધારા ઝરે રે લોલ
અમે ધાત્રીઓ સંસારની કહેવાઈએ રે લોલ
અમે વીર કાંઈ ઉછંગમાં હુલાવીએ રે લોલ
અમ ઉરથી અમૃતની સેરો ઝરે રે લોલ
અમી પાઇને દેવાંશીઓ ઉછેરીએ રે લોલ
અમે વિશ્વના સંતાપ સર્વ ફેડી રે લોલ
તપ્યા માનવીને છાંય શીળી આપીએ રે લોલ
દુખી માનવીનું શીર અંક રાખીએ રે લોલ
અમે ઉતર્યાં રોતાનાં આંસુ લૂછવા રે લોલ
અમ હાસ્ય થકી શોભતો સંસાર છે રે લોલ
અમે વિશ્વમાં સૌંદર્યના અવતાર શાં રે લોલ
અમે કાન્તની માનીતી ગૃહ દેવીઓ રે લોલ
અમે રાજી તો પ્રભુ સદા પ્રસન્ન છે રે લોલ
અમે સ્વર્ગને સંસારમાં ઉતારીએ રે લોલ
અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ.

(નર્મદાશંકર બાળાશંકર.)

(૧૪)

(પડવાની પડપ્રીત ગતમત ભૂલી રે એ રાહ)

મ્હારી પ્રીતિ પ્રાણ આધાર તમ સંગ લાગી રે,
મ્હેં તો અસત્ય જગથી નાથ, આશા ત્યાગી રે,
એક તમે તમારા જંન ત મને પ્યારા રે,
મ્હારા જીવલડાથી નાથ, ન રહો ન્યારા રે,
પ્રભુ તમથી વિમુખ નરનાર, પશુવત દીસે રે,
તમ વિણ તે બીજે કયાંય મન નવ રીઝે રે,
પ્રભુ કલ્પતરૂ તમે શ્યામસુંદર છો વ્હાલા રે,
ચિંતામણી ચતુર સુજાણ છો અલબેલા રે,

બીજું સર્વે તમ વિણ શૂન્ય સિંધુ ખારો રે,
મારે પ્રેમાનંદના નાથ ! ભરોંસો ત્હમારો રે,
(પ્રેમાનંદ સ્વામી.)

---

(૧૫)

(ક્યાં ગયોરે પેલો મોરલીવાળો—એ રાહ)

શ્રી સદ્‌ગુરૂ ભજ ભાવે પ્રાણી ! શ્રીસદ્‌ગુરૂ ભજ ભાવે રે,
વિશ્વેશ્વર તે વિઘ્નવિનાશક, ભકત તણે વશ કહાવે રે. શ્રી૦૧
કુટિલ હ્રદયે યુગ ધ્યાન ધરે પણ સ્વપ્ને નાથ ન આવે રે,
સરળપણે ધરી પ્રેમ ભજે તો, સત્વર સામા આવે રે. શ્રી૦૨
અનંત નામ તણા પતિ તદપિ, નામાતીત સુહાવે રે,
હરિહર બ્રહ્મ ગુરૂ પરમેશ્વર, સ્મરીએ જે મન ફાવે રે. શ્રી૦૩
અધિક અધિક ધરી પ્રીત પ્રભુશું, ભજીયે જેમ જેમ તાવે રે,
નૃસિંહ પ્રભુ વળતા કરૂણા કરી, દુઃખ ટાળી સુખ લાવે રે. શ્રી૦૪
(સ્વ૦ શ્રીમન્ નૃસિંહાચાર્ય.)

---

(૧૬)

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ રાહ.)

વિભુ ! તું તો વિશ્વ સકળમાં વ્યાપ્યો
તુજ મહિમા નહી જાય માપ્યો— વિભુ૦
પાવકમાં તું પ્રગટ રહ્યો છું જળમાં નિવાસ છે તારો,
આકાશે અવકાશ છે તારો, પૃથ્વી થકી નથી ન્યારો. વિભુ૦૧
પવન તત્વમાં પ્રસરી રહ્યો તું, સૃષ્ટિ સકળ રચનારો,
ઉદ્‌ભિજનાં પણ રૂપ વિવિધમાં, પ્રૌઢ પ્રભાવ છે તારો. વિભુ૦૨
સવિતા શશીમાં તેજ છે તારૂં સુખરૂપ સર્વને સ્થાપ્યું
તારાઓમાં પણ તુંજ પ્રકાશે સર્વત્ર ચૈતન્ય વ્યાપ્યું. વિભુ૦૩
પ્રાણી માત્રમાં પ્રાણ રૂપે થઇ શુદ્ધ સ્વરૂપે વિરાજે,
મેઘ મંડળમાં વિદ્યુત સાથે ગર્જના ગારવ ગાજે. વિભુ૦૪

૫૨૯૨

પંચભુતના મંદિર મધ્યે પરબ્રહ્મ પોતે પ્રકાશે,
જન અજ્ઞાની જોઇ શકે નહિ, વ્યાકુળ થઇને વિમાસે. વિભુ૦૫
ઉપજે ખપે જીવ જે જે જગતમાં હોય લઘુ કાં મોટા,
જળથી ઉપજે લય પણ જળમાં, પાણી તણા પરપોટા. વિભુ૦૬
પૃથક્ પૃથક રૂપ દેહ તણા જે એકજ પ્રભુના ઉપાધિ,
જ્ઞાની જન મન ભેદ ન ભાસે સેવક સુત એ સમાધિ. વિભુ૦૭

(સ્વ૦ છોટાલાલ સેવકરામ)

---

(૧૭)

(શીખ સાસુજી દે છે રે—એ રાહ.)

ઘનશ્યામને સેવોરે કે કુબુદ્ધિ દુર કરી.
એ છે સર્વના સ્વામી રે કે પ્રગટ પ્રમાણ હરી.
જેનું ધ્યાન ધરે છે રે કે મહામુનિ શુક જેવા.
જેના પદપંકજની રે કે કરે કમળા સેવા.
એવા શ્રીનારાયણ રે કે ભજે તેનાં કષ્ટ હરે.
એને ઇંષ્ટ જે જાણે રે કે તેતો કુળસહિત તરે.
પ્રભુ નિજ તપનું ફળ ર કે સહુને આપે છે.
ધરી રૂપ અલૌકિક રે કે ભવદુઃખ કાપે છે.
એવા પ્રકટ પ્રભુને રે કે ભજવા ભ્રમ ત્યાગી.
મુકતાનંદ કહે હરિભજી રે કે થાશો બડભાગી.

(મુકતાનંદ.)

---

(૧૮)

(શામ રંગ સમીપે ન જાવું—એ રાહ)

પ્રીતડીની રીત અતિ અટ પટી, ઓધવજી છે,
પ્રીતડીની રીત અતી અટપટી. (ટેક)
થાવાનો ઉપાય છે પણ જાવાનો જડે નહીં
વજ રહેણે જટી તે જટી. ઓધવજી છે પ્રીતડી૦ ૧

પ્રીત ના કહેવાય તે તો સ્વારથ સમજવો,
ચાર દિવસ પ્રગટી ને જે મટી, ઓધવજી છે૦ ૨
પીડાની ભરેલી પ્રીત, તોયે કરે પંડિત;
દુઃખ પામે તોયે ચ્હાય ના ઘટી, ઓધવજી છે૦ ૩
કહ્યા સમજ્યામાં નહિં આવે એવી વસ્તુ તો,
જાણે જેને હોય વીતતી વટી, ઓધવજી છે૦ ૪
દયાના પ્રીતમ વિના પ્રીત તેજ પીડા,
ધરમ લાજ ખોય ને મરે મટી, ઓધવજી છે૦ ૫
(સ્વ. કવિ દયારામ.)

---

(૧૯)

સ્નેહનું સંભારણું.

(ઓધવજી સંદેશો કહેજો શામને એ રાહ.)

ચન્દન છાંટી ચોક સમાર્યો વ્યોમનો,
રજની રસિલી હસતી લલિત વર હાસ જો.
ચાંદલીયો ઉર ભરી ભરી રસ કંઇ ઢોળતો,
આપણ પણ રમતાંતાં વિરલ વિલાસ જો.
એવા યે દિવસો પણ પ્રિયતમ ! વહી ગયા. ૧

ફુલ ફુલની પાંદડીઓ મીંચાઇ ઢળીજતી,
નમી નમી પ્રિયને લેતા સુરભિ ઉછંગ જો.
નયનોમાં નયનો ઢાળીને હેતશું.
ઉજવ્યો ઉત્સવ સ્હમજી પરમ પ્રસંગ જો.
એવા યે દિવસો પણ૦ ૨

પ્રિયતમ ! એ શશીરાજ સ્હડન્ત અટારીયે,
પદે રમે ન્હાનકડો અનિલ કુમાર જો.
ને મદભર રજનીનાં નયનો નાચતાં,
હૃદય ઝીલે સૌનાં અમૃતની ધારજો,
એવા દિનનાં શમણાં પ્રિયતમ વહી ગયાં. ૩

પલ્લવમાં પલ્લવના પાલવ પાથરી,
પંખી પ્હોડયાં ભીડીને પાંખ શું પાંખ જો,
વિલસે આજ જગત સઉ રસના અંકમાં,
અજબ વિલસતી અલબેલી તુજ આંખ જો,
એવા રસદિવસો યે પ્રિયતમ ! વહી ગયા.

(ન્હાનાલાલ દ. કવિ.)

---

(૨૦)

(સારૂં સારૂં રે સુરત શેહેર—એ રાહ)

ઝીણા ઝરમર વરસે મેહ, રજની રાચે છે,
બની પાવન અવની દેહ, અવની નાચે છે.
રૂમઝુમ ભમતી ધરણી લાડે, મધુર ઉછાળે વાસ રે
દિવ્ય પ્રેમનાં બાળક મધુરાં ઝીલી ધરે ઉલ્લાસ. રજની૦ ૧
મલપતો વાયુ મલકત ધીરો સ્વચ્છન્દી રમે રાસ રે,
કુમળાં સલુણાં વિમળાં હૈયાં નૌતમ વેરે હાસ. રજની૦ ૨
શશી અમી ગળતું આ છે વાદળ ઢળતું અવની અંક રે,
હૈયાં અવની રસીયાં જનની લેતી નવ નવ રંગ. રજની૦ ૩
પ્રભુરસ લસબસ ઘન ઘુમ્મટથી સહતાં પ્રણુયી પાન રે,
સજાત જોડાં પાતાં પીતાં તરતાં અદ્‌ભુત તાન. રજની૦ ૪

(વસન્ત વિનોદી.)

---

(૨૧)

પતિવ્રતનો પૂર્ણ પ્રતાપ જગમાં જાહેર છે જાહેર છે,
તૃપ્ત કર્યા દુર્વાસાને વિણુભોજન ભવ્ય પ્રસાદે,
દિવ્ય સતિ દ્રૌપદીનાં કામો સુભગ સુયશને સાદે. જગમાં૦ ૧
શુદ્ધ સતિ સાવિત્રી જેણે પતિના પ્રાણુ બચાવ્યા.
નિજ પતિવ્રતને પૂર્ણપ્રતાપે, યમકિંકરને તાવ્યા. જગમાં૦ ૨
ભોગવતી સતિ જેનો સ્વામી સર્પ ભયંકર ભારી.
નિજપતિવ્રતને પૂર્ણપ્રતાપે, કર્યો પુરૂષ તન ધારી, જગમાં૦ ૩

છળવા કૃષ્ણુ ગયા સતિવૃંદા, બહુ કપટેથી બળમાં.
સતીગે શાપ દઇને કીધા પત્થર રૂપે પળમાં. જગમાં૦ ૪
અનંત અદ્દભુત કૃત્યો કરંતી અનંત સતિઓ છાજે.
એ સહુ સતિનાં નામસ્મરણુ કરી પવિત્ર થઇએ આજે. જગમાં૦ ૫

(કવિ નથુરામ સુંદરજી)

---

(૨૨)

(હરિ વેણુ વાય છેરે હો વનમાં—એ રાહ)

દુઃખ સુખ આવે રે તે સ્હેજો,
માજીના ચરણુ કમળમાં રહે જો—દુઃખ સુખ૦ (ટેક)
સુખડાં તરતાં રે રૂડાં છે, દુઃખડાં પાછળ રે ઊંડાં છે.
માજીના ઊંડા રૂડા સન્દેશ (કે) દુઃખ સુખ ૧
સુખડાંની શોભા રે સુલભ છે, દુઃખડાંના હેતુ રે ગહન છે.
માજીના ગહન સુલભ આદેશ (કે). દુઃખ સુખ ૨
મા ! તુજ પ્રેમળ રે રચના છે. મા ! તુજ સદર્થ રે ઘટના છે.
મા ! તુજ સદર્થ પ્રેમલ નિવેશ (કે). દુઃખ સુખ ૩
દુઃખ સુખ આવે રે તે સ્હેશું. મા ! તુજ ચરણુ કમલમાં રહેશું.
દુઃખ સુખ આવે તે મા ! સહેશું ૪

(કવિ ન્હાનાલાલ)

(૨૩)

વેણુ.

આકાશ ઉભું ધરી ઉદયાચળ થાળમાં,
આકાશે નાંખ્યું મ્હેં વેણુ વેણુમ્હારૂં નંદવાણું રે (ટેક)
પ્રારબ્ધ આવ્યું ભરી ફુલડાંની છાબડી,
ફુલડાંનું નાંખ્યું મ્હેં વેણુ; વેણુ મ્હારૂં નંદવાણું રે ૧
ઉતરી વિધાત્રી લઇ કુંકુમ કંકાવટી,
કુંકુમનું નાંખ્યું મ્હેં વેણુ, વેણુ મ્હારૂં૦ ૨
દેવી પધાર્યાં, હતી રસભીની આંખડી,
રસ કેરૂં નાંખ્યું મ્હેં વેણુ; વેણુ મ્હારૂં૦ ૩

(કવિ ન્હાનાલાલ)

(૨૪)

સ્વપ્નાં.

સ્નેહીનાં સોણુલાં આવે સાહેલડી;
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.
હૈયાનાં હેત તો સતાવે સાહેલડી ?
આશાની વેલ મ્હારી ઉગી ઢળે. (ધ્રુવ)

(સાખી) મ્હડયું પૂર મધરાતનું, ગાજે ભર સૂનકાર;
ચમકે ચપળા આભમાં,
એવા એવા છે પ્રિયના ચમકાર રે સાહેલડી. ઉરના૦ ૧

(સાખી) ઝરમર ઝરમર મેહુલો, વરસે આછે નીર,
ઉન્હે આંસું નયનો ભીંજે,
એવાં એવાં ભીંજે મ્હારાં ચીર રે સાહેલડી ! ઉરના૦ ૨

(સાખી) અવની ભરી વનવન ભરી, ઘુમે ગાઢ અંધાર,
ઝબકે મહીં ધુણી જોગીની,
એવા એવા છે પ્રિયના ઝબકાર રે સાહે૦ ઉરના૦ ૩

(સાખી) ઝીણી જ્યોતે ઝળહળે, પ્રિયનો દીપક લગીર,
પડે પતંગ મહીં જલે.
એવી એવી આત્માની અધીર રે. સાહે૦ ઉરના૦ ૪

(સાખી) ખુંચે ફુલની પાંદડી, ખુંચે ચન્દ્રની ધાર,
સ્નેહીનાં સંભારણાં,
એવાં એવાં ખુંચે દિલ મોઝાર રે. સાહે૦ ઉરના૦ ૫

(કવિ ન્હાનાલાલ)

(૨૫)

સંભારણાં.

રૂપલા રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝુલે રસપારણાં હો બ્હેન ?
ત્હયારે ઝબકે ઝીણાં અતિથિનાં સંભારણાં, હો બ્હેન.
લઉં હું વારણાં હો બ્હેન !

(સાખી) શરદપુનમનો ચાંદલો ઘડી ચમકીને જાય;
વરસ દિવસ વીત્યે, સખિ ! દોહલ દર્શન થાય.

(કવિ ન્હાનાલાલ)

(૨૫)

જગ જનની અંબે માત, અંતરમાં ધરીએ,
આ તનમન અરપી માત ! વંદન નિત્ય કરીએ (ટેક)
સકળ જગત તું પોષે માતા, ત્હારી અનુપમ શકિત રે,
અમો અબલા તુજ આશા રાખી, નિશદિન કરીએ ભકિત. અં૰ ૧
જન્મભુમિ તું અંબા માતા, તું અમ સર્વની માત રે,
વ્યાસ, બુદ્ધ, જિન શંકર સર્વે સ્તવી ગયા દિન રાત. અં૰ ૨
લક્ષ્મી, સરસ્વતી, કાળી રૂપે, વિધ વિધ દર્શન દેતી રે.
યુગ યુગમાં અવતાર ધરીને, દિન જન તારી દેતી. અં૰ ૩
ભારતિ દેવી, આર્યભૂમિ કે જન્મભૂમિ મુજ માત રે,
શાં શાં નામો લઇને સ્તવીએ, તવ ભકિત શુદ્ધ આપ. અં૰ ૪
મુજ તન મન આ પ્રાણ જ આત્મા, તે સહુ તુજથી બનીયાં મા,
માતૃદેવભવ એમ કહીને વેદ પુરાણો વંદે. અં૰ ૫
રામ, કૃષ્ણ, શિવ, પ્રતાપ પુરૂષે, ત્હારી ભકિત કરીને રે,
ગાર્ગી, સીતા, સૌ સતિઓએ, મોક્ષ નિસરણી લીધી. અં૰ ૬
પ્રબળ આત્મબળ, સત્ય વચન વળી સત્ય કર્મ દૃઢ વ્રતથી રે
જ્ઞાનજ્યોત કરી આરતી કરીને, પૂજન કરીએ માત. અં૰ ૭
સતત સમાધિ કરશે ત્હારી, જ્ઞાન, ભકિત, દૃઢ કર્મે રે,
ગણેશ કહે છે એવા જનનો મોક્ષ કરો છો માત. અંતર૰ ૮

(બર્વે.)

Printed by C. S. Deole, at the Bombay Vaibhav Press,
Servants of India Society's Building, Sandhurst Road,
Girgaon, Bombay.

and

Edited and published by Naranji V. Thakkar Secretary
Hindu Gujarati Female Education Classes.
Kalbadevi Road Bombay.